R.N.I. No. : 11555 / 1957
Price Rs. 1/-

# જ્યોતિપુંજ
## JYOTI PUNJ

Vol No. 66
Issue No. 5
August - 2022
Total : 36 Pages














legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL
INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* Control and Command
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY
HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022- 49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૬ | ૫ | ૨૧-૦૮-૨૦૨૨ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન,
વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬
(મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

DDD

**: કાર્યાલય :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**સમય :** બપોરે ૨.૦૦ થી ૫.૦૦

DDD

Visit us at www.balasinor.org


## કવિ સુરેન ઠાકર એટલે મારા 'મેહુલ' સર

**તંત્રી સ્થાનેથી**

- **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

મા સરસ્વતીની જેમના પર મહા કૃપા રહી, પ્રતિભાશાળી વ્યક્તિત્વ, અનોખું તેજ ભરેલી પ્રેમસભર આંખો, ગુજરાતી પ્રજાનું ગૌરવ, સૌરાષ્ટ્ર-ગુજરાતની રસાતાળ ભુમિની સુગંધ, લોકબોલી, સંસ્કૃતિ જેની ગળગૂંથીમાં ગુંથાઈ ગઈ છે તેવા મારા સર સુરેન ઠાકર 'મેહુલ' ને કોટી કોટી વંદન.

હું બાલભારતી-કાંદિવલી સ્કૂલનો વિદ્યાર્થી હતો, જ્યારે જ્યારે 'મેહુલ' સરના લેકચરનો અવસર સાંપડયો ત્યારે ત્યારે એવી અનુભૂતિ થતી કે પિરીયડ પૂરો જ ન થાય. ગરવી ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકગીતો, દુહા, છંદ, સુભાષિતો સાથે શરૂઆત થાય અને ગદ્ય-પદ્ય ને એટલું રસમય બનાવી દે કે શબ્દોની સૂરાવલીમાં બધુ અનોખી શૈલીમાં સમજાઈ જાય. ફરી ક્યારે આ સ્વપ્નલોકમાં જઈશું તેની રાહ જોતા.

મારી સંચાલનકળા ના આદર્શ એટલે સુરેન ઠાકર 'મેહુલ સર'. 'સર' ની સંચાલન કળાનો હું હંમેશા ચાહક રહ્યો છું. જ્યાં જ્યાં સુરેન ઠાકરના સંચાલન હોય તે પ્રોગ્રામને હું દિલથી માણતો. નવું નવું જાણતો, નવું નવું શીખતો. મારો કોલેજનો અભ્યાસ મીઠીબાઈ કોલેજ પાર્લામાં રહ્યો હતો. મારો જ્યારે સાયન્સ પ્રેક્ટીકલ્સનો સમય હોય ત્યારે 'મેહુલ સર' નો N.M. (એન.એમ.) કોલેજમાં ગુજરાતીના લેકચર્સ લેવાનો સમય રહેતો. યોગાનુયોગે ઘણીવખત અમે પાર્લા સ્ટેશન પર ભેગા થઈ જતાં. સર નો હંમેશા આગ્રહ રહેતો સાથે જ કોલેજ જવાનો, અને હું સરની સાથે ટેક્ષીમાં મીઠીબાઈ

II Shree Ganeshay Namah II

Dipesh Desai : 9821115849
8850333537

SERVING SINCE 1989

Harsh Desai : 7977911412
9819158669

TRADE LINK

Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | ELMEASURE | HPL | COOLEX

AJMERA
Marine Switchegears,
Marine Light Fittings,
Industrial Switchgears and Panel.

ELMEASURE®
Possibilities...Infinite

walther
Electrotechnical Systems
Plugs, Sockets,
Interlock Switch Socket,
Socket with MCB Provision.

HENSEL
PASSION FOR POWER
Junction Boxes (IP 55/65/66/67/68),
MCB Boxes, Cable Drums,
Pole Boxes, Glands.

HPL
Change Over Switch
ATS, ACB, Contactor,
HRS Fuse Link,
MCCB, Relays.

COOLEX®
a smart LED innovation
LED Light Fixtures

Sales Off. : 209, 2nd floor, Bulakhidas Building, Vithaldas Lane, Lohar Chawl, Mumbai- 400 002.
H. O. : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
Phone : 4005 5849 / 6933 3231 • E-mail : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

Website : www.tradelinkindia.net

પહોંચતો અને તેઓ એન.એમ. કોલેજમાં જતા. પ્રવાસ નાનો પણ અવસર મોટો. કવિ હૃદય પાસેથી જે 'ક્ષણ' માં મળે તે 'કાળ ખંડ' માં ન મળે. બાલભારતી સ્કૂલ-કોલેજની કમિટીમાં મારા પ્રવેશ બાદ 'મેહુલ' સર સાથેના ઘણાં પ્રસંગો યાદગાર રહ્યાં. 'રામનવમી' એટલે બાલભારતીનો સ્થાપના દિવસ. આની ઉજવણી માટે જે વર્ષે મેહુલ સરે સંચાલન કર્યું ત્યારની તેમની દિવ્ય મુદ્રાઓ, કર્ણપ્રિય વાણી યાદગાર સંભારણું બની ગઈ. તેવી જ રીતે જ્યારે અમારી બાલભારતી સંસ્થા તરફથી 'મેહુલ સર' નો સન્માન કરવાનો કાર્યક્રમ નક્કી થયો હતો તે કાર્યક્રમનું સંચાલન કરવાની અણમોલ તક ઈશ્વર કૃપાથી મને પ્રાપ્ત થઈ હતી.

વિખ્યાત કવિ મેહુલ વાર્તાકાર, ફિલસૂફ, મુશાયરાના મહારથી ગુજરાતી ભાષાને જેણે પોતાની સરસ્વતી વાણીથી સજાવી એક ઉમદા મિત્ર, એક કૌટુંબિક વાત્સલથી ઉભરાતા માનવ, એક આલ્લા દરજ્જાના સહૃદયી સંચાલક, ખાસ નવરાત્રી જેવા તહેવારોના કાર્યક્રમોમાં સરનું સંચાલન માણવા અમે જતાં. ભાઈદાસ પાર્લાના સ્ટેજ પર રેલાતો પહાડી અવાજ આરપાર ઉતરી જતો. આખા પ્રોગ્રામને ચાર ચાંદ લાગી જતા. રૂબરુ મળવાનો અહીં પણ મોકો રહેતો. ઈન્ટરવેલમાં ખાસ હું અને મારી ધર્મપત્ની હેમા 'મેહુલ સર' ને મળવા બેક સ્ટેજમાં જતા અને પારિવારીક સંબંધોને એક નવું બળ મળતું.

હંમેશા જીવનમાં વિદ્વાનો, સાહિત્યકારો, કવિ, વિભૂતિઓ, યોગાચાર્યો, શિક્ષકોને મળવાનો, સત્સંગ કરવાનો, નવું નવું શિખવાનો, જાણવાનો મારો નમ્ર પ્રયાસ રહ્યો છે કારણ જીવનને સફળ બનાવવા માટે અનેક લોકોની શીખ, માર્ગદર્શન, અનુભવ કામ કરી જતા હોય છે.

MMM

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

સર્વેને વિનંતી કે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નીચે જણાવેલ ફોન નંબર પર બપોરે ૨.૦૦ થી ૫.૦૦ દરમ્યાન સુધી ખુબ અગત્યની વાત હોય તો જ ફોન કરવો.

પ્રકીર્ણ વિભાગમાં આપવાની બાબતો : નવા સરનામાં, નવા ટેલિફોન નંબર, તેજસ્વી તારલા, મૃત્યુ નોંધ અન્ય વિશેષ વિગત આ ફોન નંબર પર વોટ્સ એપની મદદથી મોકલી આપવા.

**ફોન તથા વોટસ્ એપ નંબર - ૯૯૩૦૩૯૯૧૦૦**

| મંત્રી | તંત્રી |
|---|---|
| અલ્પેશ ધારીઆ | બંકિમ પરીખ |
| ૯૮૩૩૮૬૭૬૦૧ | ૯૮૨૦૪૩૪૩૨૨ |


# Yoga By Bankim Parikh

ONLINE YOGA SESSIONS

CONNECT WITH YOUR SOUL

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

Bankim : 9820434322
Shachi : 8097779825

RELEASE YOUR MIND AND BODY


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**ગિરિ પૂજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)**

## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતીની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરીયાતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહીં લઈ ઓફિસમાં તા. ૧.૯.૨૦૨૨ થી ૩૦.૯.૨૦૨૨ દરમિયાન આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશો તેવી આશા.

**ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ :**

(૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ :** બાબુગેનુ રોડ, કાલબાદેવી, મુંબઈ - ૪૦૦૦૦૨

(૨) **સમીર જયેન્દ્ર ગાંધી :** નિકોશી ટ્રેડીંગ કંપની, ૧૨/૫, ૧ લે માળે, અજમેરા હાઉસ, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨, ફોન નંબર : ૨૨૦૬૦૨૯૪

ફોર્મ સાથે ઝેરોક્ષ માર્કશીટ અને ફી રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રી – અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **સંયોજક – દિપક નવનીતલાલ શાહ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## હોસ્પિટલ સહાય યોજના – સ્વાસ્થ્ય યોજના

- D **શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી** - **સ્વાસ્થ્ય યોજના**
- D **શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ** - **હોસ્પિટલ સહાય યોજના**
- D **શ્રી રસીકલાલ રમણલાલ કડકીયા (આર.આર.)** - **ટ્રીટમેન્ટ ફોર કેન્સર**
- D **ઉજસ અનીષ ગાંધી** - **ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી**
- D **શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ** - **ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ**
- D **શ્રીમતી દમયંતીબેન પ્રવીણચંદ્ર શાહ (ઝાટ)** - **ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી**
- D **શ્રી રમેશચંદ્ર કાંતીલાલ કડકીઆ તથા શ્રીમતી અરૂણાબેન રમેશચંદ્ર કડકીઆ (ધરીવાળા)** - **ટ્રીટમેન્ટ ફોર ઓપ્થેલ્મોલોજી**

### અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃત્તિઓના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૨૨-૨૦૨૩) હોસ્પિટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્યોને નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલાવવું.

**મનોજ રસીકલાલ પરીખ :** મયુર ટ્રેડીંગ કોર્પોરેશન, ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૩

**ફોન : ૨૩૪૨૮૭૮૫ (મો.) ૯૮૨૦૪૩૯૧૩૪**

**મંત્રી – અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **સંયોજક : મનોજ રસીકલાલ પરીખ**


entice
englaze
ORIS
enGem
Tripper™
ELCG + MCB Combination
MCB's & DB's
KEW
LS IS
Authorised Distributors :
L&T SWITCHGEAR
SAFE & SURE
Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548
Nilesh Kadakia
Mob.: 98192 17375
V.B.R. ELEC. & ENGG. CO.
27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી તથા**
**શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીયા (શહેરાવાલા) પુરસ્કૃત**

# મહિલા વિભાગ

તા.૬.૮.૨૦૨૨ના રોજ બપોરે ૨.૩૦ કલાકે મહિલા વિભાગ દ્વારા શારદા મંદિર, લોઢા હોલ ખાતે આઝાદીના પંચોતેર વર્ષ પૂરાં થતા હોવાથી Patriotic Theme સાથે મ્યુઝીકલ હાઉઝીની રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૩૮૫ બહેનોએ ભાગ લીધો હતો. મ્યુઝીકલ હાઉઝી રમાડવા માટે અવનીબેન તન્ના સાથે તેમની ૧૦ સભ્યોની ટીમ આવી હતી. તેમણે આઝાદીનાં પર્વને અને વરસતા વરસાદને અનુરૂપ ગીતોના સમન્વય કરીને 'માલામાલ' સાથે હાઉસીની ત્રણે ગેઈમ્સ રમાડી હતી. દરેક ગેઈમ વચ્ચે બકેટ પ્રાઈઝ અને સરપ્રાઈઝ પ્રાઈસ પણ આપવામાં આવ્યાં હતા. તેના સિવાય દરેક હાઉઝીની ગેઈમમાં ૨૪ પ્રાઈસ આપવામાં આવ્યા હતા. હાઉઝીની રમત દરમ્યિાન દેશ ભક્તિના ગીતો ઉપર સભ્ય બહેનોએ ગીતો ગાઈ વાતાવરણને દેશભક્તિમય બનાવી દીધુ હતું. આ પ્રોગ્રામમાં આવેલા દરેક સભ્ય બહેનોને શ્રીમતી મંજુલાબેન રસીકલાલ શાહ (ઝાટ) તથા શ્રીમતી નિરૂપાબેન અશ્વિનભાઈ શાહ (ઝાટ) તરફથી ગીફ્ટ આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે સર્વે સભ્ય બહેનોને ઠંડા પીણાની સાથે નાસ્તાનાં બોક્ષ આપવામાં આવ્યાં હતા.

મહિલા વિભાગના કાર્યક્રમનાં આયોજનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ અને સહકાર આપનાર સર્વે બહેનોનો મોટી સંખ્યામાં બપોરનાં સમયે હાજરી આપી શિસ્તબધ્ધ રીતે હાઉઝી રમી કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌ બહેનોનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે.

**ઈનામ જીતનાર બહેનોના નામની યાદી**

**હાઉસી નંબર -૧**

નિમિષા કડકિયા, રેખા દોશી, નયના મોદી, નિકીતા ભાવેશ મોદી, મિલોની પરીખ, લોપા શાહ, નિતા કચેરીયા, દિપ્તી મોદી, હેતલ પરીખ, પુનિતા કડકિયા, દિપીકા બિપીન મોદી, રિના કડકીયા, હિના કડકિયા, કામીની શાહ, ફાલ્ગુની પરીખ, સોનલ કડકિયા, સ્ટેલા ધારિયા, ડિમ્પલ પરીખ, જીગ્ના પરીખ, દેવિયાની પરીખ


ll Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh** 8104682589 9820815584

**Chintak Parikh** 9324310473 9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
ESPA
BOSCH
PREMIUM
HAVELLS
Rath Wolf
Falcon
Einhell
SHAKTI
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

**હાઉસી નંબર - ૨**

દિપીકા મહેતા, બિજલ શાહ, સ્ટેલા ઘારિયા, જીગ્ના પરીખ, શોભના ધારીયા, દામિની પરીખ, સ્નેહલ મોદી, હિરલ શાહ, નયના મોદી, સેજલ, અવની પરીખ, સંગીતા મહેતા, નીકિતા મોદી, પ્રીતિ ધારીયા, તેજુ પરીખ, સોનલ કડકિઆ, સોનલ પરીખ, સેજલ પરીખ, જુલી કડકિયા, નિકીતા મોદી.

## સપ્ટેમ્બર મહિનાનો કાર્યક્રમ

**તારીખ : ૨૪-૯-૨૦૨૨, શનિવાર**

**સમય : બપોરે ૨.૩૦ કલાકે**

**સ્થળ : શારદા વિદ્યામંદિર સ્કૂલ (લોઢા હોલ) ખાતે**

**'નવલી નવરાત્રી'**

આ કાર્યક્રમના પ્રોગ્રામ પાસ રૂા. ૧૫૦/- તથા લ્હાણી પાસના રૂા. ૨૦૦/- રાખેલ છે. જે તા. ૪-૯-૨૦૨૨ પહેલા કોઈપણ કમીટી મેમ્બર્સને પૈસા આપી લઈ શકાશે.

આ કાર્યક્રમમાં ઉંમર પ્રમાણે ગ્રુપ બનાવી દરેક ગ્રુપમાં બેસ્ટ પરફોર્મન્સ તથા બેસ્ટ ડ્રેસ માટે ઈનામ આપવામાં આવશે.

**અગત્યની નોંધ :** (૧) આપણી સંસ્થાની ઓફિસનું બિલ્ડીંગ રીડેવલપમેન્ટ માં ગયું હોવાથી હવે પછીનાં બધા જ પ્રોગ્રામના પાસ ફરજિયાત કમિટી બહેનો પાસેથી જ લેવાનાં રહેશે.

(૨) Due Date પછી લીધેલા પાસનું કેન્સલેશન થશે નહીં તેની ખાસ નોંધ લેવી.

**કમિટી મેમ્બર્સ**

| | | |
|---|---|---|
| કૃપા દેસાઈ | - | ૯૮૧૯૫૭૧૯૮૪ |
| સેજલ કડકીયા | - | ૯૮૨૦૪૩૪૯૪૩ |
| અલ્પા મોદી | - | ૯૮૧૯૭૦૩૧૩૬ |
| તેજશ્રી પરીખ | - | ૯૮૩૩૮૭૪૫૦૬ |
| માલવિકા કચેરીયા | - | ૯૯૬૯૫૧૭૦૬૧ |
| નિતલ પરીખ | - | ૯૭૭૩૫૨૦૦૫૮ |
| રચના શાહ | - | ૯૩૨૩૩૨૩૯૯૭ |
| તનુજા શાહ | - | ૯૦૨૯૯૦૮૫૪૪ |
| કૃતિકા મોદી | - | ૭૫૦૬૧૭૯૦૩૮ |
| પ્રીતિ પરીખ | - | ૯૮૧૯૬૫૨૧૧૨ |

**મંત્રી - અલ્પેશ ધારીયા** **સંયોજક - મનીષા કડકીયા**

**૯૯૨૦૩૪૭૩૨૨**

M M M

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

શ્રીમતી મંજુલાબેન રજનીકાન્ત શાહ (નગરશેઠ) તરફથી હસ્તે શ્રીમતી નીશીતા જયેશ શાહ (નગરશેઠ) વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૭ માટે રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂપિયા પાંચ લાખ) નું માતબર દાન મળ્યું છે.


સહૃદયથી દાતા અને પરિવારજનોનો સંસ્થા આભાર માને છે. નોટબુક રાહત યોજના હેઠળ જરૂરિયાતમંદ બાળકોના ઉજવળ ભવિષ્ય માટે આપના અનન્ય સહકાર બદલ ધન્યવાદ.

**મંત્રી - શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **પ્રમુખ - શ્રી સમીર જયેન્દ્ર ગાંધી**


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
POLYCAB
FANS
Concealed Metal Boxes
For
Modular Series
POLYCAB
CONCEALED METAL BOX
CLETA
POLYCAB
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
ESTD : 1958
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ

## દાનવીર, સફળ એન્જીનિયયર, કોન્ટ્રાક્ટર, સ્વયંનિર્મિત સમાજસેવક એ છે પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ, પી.કે. ૨૦૨૨ ના કર્મવીર



શ્રી પી. કે. શાહ

છેલ્લા ત્રીસ વર્ષથી પી.કે. શાહે બાલાસિનોર સમાજની દરેક સંસ્થાઓમાં અગ્રણી સ્તિથી રાખી છે અને સમાજને એમના ડોનેશનો થકી ઘણો ફાયદો થયો છે. તેઓ આગળ પડતા દાતા મુંબઈ અને બાલાસિનોર ગામમાં રહ્યાં છે.

એમનું સૌથી મોટું દાન ૨૦૦૮માં બાલાસિનોર નવયુવક સંઘનાં કોમ્યુનીટી હોલ માટે રૂપિયા એક કરોડ આપવાનું વચન હતું. એ પેઠે એમણે રૂા. ૨૫ લાખનું ડોનેશન આપ્યું છે.

સ્ત્રી મંડળ સંસ્થા જે સો વર્ષથી સ્ત્રીઓ અને ગરીબ કુટુંબો માટે સિક્કાનગરમાં કાર્ય કરે છે, એના કોમ્યુનીટી હોલ - પ્રિઅજેને હોલના નવીનકરણ માટે રૂા. ૨૫ લાખનું દાન ૨૦૧૮માં આપ્યું. આ હોલનો સાંસ્કૃતિ, શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગ થાય છે. છેલ્લા પચ્ચીસ વર્ષથી પી.કે. શાહ દર વર્ષે ત્યાં મેડિકલ કેમ્પ પણ સ્પોન્સર કરે છે.

પી.કે. શાહનો જન્મ ૧૯૩૩માં બાલાસિનોર ગામમાં મર્યાદિત આવકવાળા કુટુંબમાં થયો. એમણે મહેનત અને ખંતથી પૂને એન્જીનિયરીંગ કોલેજમાંથી ૧૯૫૫માં B.E. Civil ની ડીગ્રી પ્રાપ્ત કરી. એમની વ્યાપારિક બુદ્ધિ અને સાહસિકતાથી C. P. CONSTRUCTION CO. ને નામે ત્રીસ વર્ષ સફળ વ્યાપાર ચલાવ્યો. જીવનની દરેક સફળતામાં ધર્મપત્ની સુધાબેનનો ૬૫ વર્ષથી સાથ અને ચાર દિકરીઓનો સહકાર રહ્યો છે.

'સુધાબેન પી.કે.શાહ પ્રિઅજેને મેડિકલ રિલીફ ફંડ' જે પ્રગતિ સમાજ સંચાલિત સ્કીમ છે એમાં પી.કે. શાહે દાન કર્યું છે. તેઓ બાલાસિનોર વિદ્યોતેજક મંડળ, મેડિકલ ટ્રસ્ટ અને પ્રગતિ સમાજના મેડિકલ કન્વીનર રહ્યા છે. તેઓ ક્રેડિટ કોઓપરેટીવ સોસાયટીના વાઈસ પ્રેસિડન્ટ અને કેળવણી મંડળની કમિટીના સદસ્ય રહ્યાં છે.

આ સિવાય બાલાસિનોર ગામમાં પી.કે.શાહ મદન મોહનજી મંદિરમાં ટ્રસ્ટી છે. ૨૦૦૮માં આ મંદિરના નવનિર્માણ કરતી વખતે અને ૨૦૨૨માં નિર્માણખર્ચ પેઠે ડોનેશન આપ્યા છે. વેરાસા ગામની આદિવાસી શાળામાં રમતગમતના સાધન માટે પણ દાન કર્યું છે.

પી.કે.શાહ દાનવીર, કર્મવીર તો રહ્યા પણ ઘરનાં સ્વજનો, કુટુંબીજનો અને ઘણા વિદ્યાર્થીઓના ભણતર માટે દિલ ખોલીને વર્ષોથી આર્થિક મદદ કરી છે અને આજે પણ કરતા રહ્યાં છે.

**જ્યોતિપુંજ : દર મહિનાની ૨૧ તારીખે જ્યોતિપુંજ જી.પી.ઓ. પોસ્ટ ઓફિસ (વીટી) દ્વારા તમારા સરનામે પોસ્ટ કરાય છે. તેમજ ઓનલાઇન WWW.BALASINOR.ORG પર અપલોડ કરાય છે. જેથી તમે તમારા કોમ્પ્યુટર પર પણ જ્યોતિપુંજ વાંચી શકો છો. જ્યોતિપુંજ ન મળતાં હોય તો તમે તમારું નામ, સરનામું એકવાર ચેક કરાવવા માટે મંત્રી શ્રી અલ્પેશ ધારીયા (WhatsApp No. 9930399100) પર સંપર્ક કરવો. સરનામું બદલાયું હોય તો લેટરની બે કોપી લખીને તેમને જ મોકલાવો. પ્રેસ થી જી.પી.ઓ. પોસ્ટીંગ સુધી અમે પૂરેપૂરી તકેદારી રાખીએ છીએ. માટે તમે તમારા એરિયાની પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરો, ફરિયાદ કરો. જ્યોતિપુંજ દર મહિને સમયસર બરાબર મળે તે માટે તમે કોશિશ કરો. પોસ્ટ કરેલ જ્યોતિપુંજ ન મળતા હોય તો તે માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, સભ્યો કે જ્યોતિપુંજના મંત્રી તથા તંત્રી તેમજ તંત્રી મંડળના સભ્યો જવાબદાર રહેતા નથી તેની સર્વેએ નોંધ લેવી.**

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

**શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,**
**એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫**

## બુલેટ ટ્રેઈન એટલે રફતારની સવારી

**- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)**

ભારતમાં ૧૮૫૩માં રેલવેનો પ્રારંભ થયો હતો. ભારતના સ્વાતંત્ર્યના વર્ષ ૧૯૪૭ સુધી અલગ-અલગ બેતાલીસ રેલ સીસ્ટમ કાર્યરત હતી. ૧૯૫૧માં રેલવેની સેવાઓનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું ત્યારે તેને એક છત્ર હેઠળ આવરી લેવાઈ, જેના લીધે વિશ્વના સૌથી મોટા નેટવર્કમાં તેની ગણતરી થવા માંડી હતી ત્યારે ભારતમાં બ્રોડગેજ, મીટરગેજ અને નેરોગેજ જેવા વિવિધ ગેજ સાથે લાંબા અંતરની અને ઉપનગરીય સેવાઓની કામગીરી ચાલતી હતી.

આજે વિશ્વના સૌથી વધારે વ્યસ્ત અને સૌથી મોટા નેટવર્કમાં ઈન્ડિયન રેલવેના માળખાનો સમાવેશ થાય છે. ભારત સરકારના રેલવે મંત્રાલયનું તેના પર નિયંત્રણ છે. દૈનિક ૧૮૦ લાખથી વધારે મુસાફરો તથા ૨૦ લાખ ટનથી વધારે માલ-સામાનનું તે પરિવહન કરે છે. ૧૪ લાખ કરતાં વધુ કર્મચારીઓ સાથે તે વ્યાપારી કે ઉપયોગિતા ક્ષેત્રે વિશ્વનું સૌથિ વિશાળ નોકરીદાતા છે. દેશના તમામ વિસ્તારોને આવરી લેતા રેલવે તંત્ર પાસે આશરે ૬૯૦૯ રેલવે સ્ટેશન છે, અને આ તમામ માર્ગ પર લગભગ ૬૩૩૨૭ કિલોમીટરના પ્રવાસ માટે ભારતીય રેલવે પાસે ૨૦૦૦૦૦ વેગન (માલસામાનની હેરફેર માટે), ૫૦૦૦૦ કોચ (પ્રવાસીઓના આવાગમન માટે) અને ૮૦૦૦ એન્જિન છે.

હવે આવીએ મુળ વાત પર એટલે કે, બુલેટ ટ્રેન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ, બુલેટ ટ્રેન એટલે રફતારની સવારી. પરંતુ શું તમે જાણો છો કે આ રફતારની સવારીનો અર્થ શું છે? ગુજરાત અને મહારાષ્ટ્રમાં પરિવહન ક્રાંતિ લાવનારી આ બુટેલ ટ્રેન ભારતના રેલ્વે પ્રોજેક્ટમાં પ્રથમ વખત એરિયલ LIDAR (લાઈટ ડિટેક્શન એન્ડ રેજિંગ) સર્વેક્ષણ કર્યું હતું. હેલિકોપ્ટર પર લેઝરવાળી માઉન્ટ લેસરની મદદથી વપરાતી આ ટેક્નોલોજી ફક્ત તેના ઘણાં ફાયદાઓને કારણે જ પસંદ કરવામાં આવી હતી. માત્ર એક જમીન સર્વેક્ષણને કારણે નહીં. LIDAR ટેક્નોલોજીના ઉપયોગથી પરંપરાગત સર્વેક્ષણ માટે સામાન્ય ૧૦-૧૨ મહિનાની સરખાણીએ ૪-૫ મહિનામાં તૈયાર થયેલા ડ્રાફ્ટ રીપોર્ટસ સાથે ૫૦૮ કિ.મી.ની કોરીડોરના સર્વેક્ષણને મંજૂરી આપવામાં આવી હતી.

બુલેટ ટ્રેનના ૫૦૮ કિલોમીટરના રૂટમાં મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ૧૨ જેટલા પ્લેટફોર્મ બુલેટ ટ્રેનના સ્ટેશનો નિર્માણ પામી રહ્યા છે. જેમાં ગુજરાતમાં ૮ અને મહારાષ્ટ્રમાં ૪ સ્ટેશન આકાર પામી રહ્યા છે. આ સ્ટેશનની પણ એક વિશેષતા હશે. ગુજરાતમાં સાબરમતી, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, બીલીમોરા અને વાપીમાં સ્ટેશન હશે. જ્યારે મહારાષ્ટ્રમાં બોઈસર, વિરાર, થાણે અને બ્રાંદ્રા-


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**

**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**

**(મૂડેતી - અમદાવાદ)**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬

**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

**Email : bhattgopal59@gmail.com**

Mr. BHARAT K. DOSHI
98210 27136

BHS

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

"Leads you to The Quality Era"

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in
BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

મુંબઈમાં સ્ટેશન બની રહ્યા છે. તમામ ૧૨ સ્ટેશનો અને સાબરમતી હબ એક સ્થાનિક થીમ પર બનાવવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે વડોદરા સ્ટેશનમાં 'વડ' એટલે કે, વટ વૃક્ષ થીમ હશે, જ્યારે સુરત સ્ટેશન હીરા પર આધારિત હશે. સ્ટેશનો પર્યાવરણને અનુકૂળ તકનીકીઓ પર આધારિત હશે જેથી સૌર ઉર્જા અને પ્રાકૃતિક વેન્ટિલેશન જેવા કુદરતી સંસાધનોનો મહત્તમ ઉપયોગ થઈ શકે છે.


બુલેટ ટ્રેનનો સૌથી વધુ રૂટ ગુજરાતમાં ૩૪૮.૦૪ કિલોમીટરનો બુલેટ ટ્રેનનો રૂટ હશે. જ્યારે મહારાષ્ટ્ર રાજ્યામાં ૧૬૫.૭૬ કિલોમિટરનો રૂટ રહેશે. આ ઉપરાંત દાદરા અને નગર હવેલીનો કેન્દ્ર શાસિત પ્રદેશમાં પણ ૪.૩ કિલોમીટરનો રૂટ રહેશે.

આ નવી બની રહેલી હાઈ-સ્પીડ લાઈનથી જોડાયેલા નગરોના પડોશી નગોરની તુલનાએ GDP માં ઓછામાં ઓછા ૨.૭૬ નો વધારો જોવા મળ્યો છે. એટલું જ નહીં હાઈ-સ્પીડ રેલ દ્વારા માર્કેટમાં એક્સેસ વધવાથી સીધી અસર GDP ને થશે. એટલે કે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ઉદ્યોગનો મોટા પ્રમાણમાં વધારો થશે. ભારત જેવા યુવા રાષ્ટ્ર માટે અને ખાસ ગુજરાત અને મહારાષ્ટ્ર માટે વધુ રોજગારી બનાવવામાં પણ મદદ કરશે. હવા અને કાર મુસાફરીની તુલનામાં હાઈ સ્પીડ રેલ પરિવહનના શ્રેષ્ઠ માધ્યમોમાં એક છે.

અમદાવાદ-મુંબઈ વચ્ચે ૧૨ સ્ટેશનને કવર કરતાં આ બુલેટ ટ્રેન ૩૨૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ૫૦૮ કિ.મી. નું અંતર કાપશે. આ બુલેટ ટ્રેન ૨.૫૮ કલાકમાં આ સફર પૂરો કરશે.

આ પ્રોજેક્ટ બનતાં બનતાં કેન્દ્ર સરકારે ૭ નવા રુટસને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ આવરી લીધા, તેના માટે જરૂરી રિપોર્ટ તૈયાર કરી રહી છે. MMM


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**
**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**


ગત અંકમાં જણાવ્યા મુજબ માદેર વતન વાડસોલ ખાતે દીવાળી પર્વ દરમ્યાન (વાઘ બારસ થી ભાઈબીજ) સુખી વણીકવાડીમાં ભોજનની વ્યવસ્થા રાખેલી છે.

જેમાં સવારનો ચાહ, નાસ્તો, બપોરનું ભોજન, રાત્રીનું ભોજન સાથે મીનરલ વોટર બોટલની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો વ્યક્તિદીઠ એક દિવસનો ખર્ચ રૂા. ૩૦૦/- રાખેલ છે.

**આના માટેની કુપનો લેવા માટે નીચના વ્યક્તિઓનો સંપર્ક કરો.**

**શ્રી કેદાર ગાંધી - ૯૮૨૧૬૮૪૭૭૨**
**શ્રી વસંત દેસાઈ - ૯૮૨૧૦૫૪૩૨૯**
**શ્રી મનોજ પરીખ - ૯૮૨૦૪૩૯૧૩૪**


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link®
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

# અંતાક્ષરી

- ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)

અંતાક્ષરી એટલે મીઠો-નટખટ-રમતિયાળ શબ્દ! અંતાક્ષરી શબ્દમાં આનંદની વ્યાખ્યા છે. અંતાક્ષરી શબ્દ આનંદનું પ્રતિક છે. દુરિયાં દૂર કરવાનું માધ્યમ છે. 'મૈને પ્યાર કિયા' ફિલ્મની અંતાક્ષરી ખૂબ પ્રચલિત થઈ હતી કારણ કે ખૂબ સમજણ ભરેલું ચિત્રીકરણ હતું. રમત રમતમાં ગીતો દિલની વાતો વ્યક્ત કરી દીધી. આ જ તો વિશેષતા છે આ રમતની. મસ્તી સાથે પ્રીતની રીત. મસ્તી સાથે ગીતોની રમઝટ. મસ્તી સાથે તાળી અને છેડખાની. આનંદની ક્ષણ. ચિંતાઓને ખંખેરી મનભર ક્ષણિક જીવી લેવાની પળ અને મહત્વની વાત તો એ છે કે નાના-મોટા સૌ સાથે રમી શકે. નથી લાગતું કે આ રમતમાં જ જાણે જીવનનો સાર છૂપાયેલો છે ?

છેલ્લો શબ્દ હારનો કે જીતનો ? સમયની મર્યાદા કુદરત પર આપણને આ રમત જીવનભર રમાડે છે. ખબર નથી સમય અને શ્વાસ રહેતા છેલ્લો અક્ષર યાદ આવશે ? છેલ્લી ઈચ્છા પૂર્તિ ના શબ્દો નિકળશે ? બાળકોને વ્હાલનો સ્પર્શ આપી શકાશે ? લાડવા ખવાશે ?

એક સુદંર ભજનની પંકિત છે - 'દિવા કરો, દિવા કરો, થઈ સંધ્યા વેળા, ગોવિંદ પધારવાની થઈ ગઈ છે વેળા' કાલની ખબર નથી! રોજે રોજની તૈયારી!

એક સરસ મજાની વાત છે. શાળામાં રજાઓ પડતા જ છેલ્લા દિવસે શિક્ષક બધા બાળકોને પૂછે છે - કોણ ક્યાં જવાનું છે ને શું કરવાના છે ? પ્રત્યેક બાળકે કંઈ ને કંઈ કહ્યું પણ એક બાળકે કહ્યું,'મારે કશે નથી જવું. મારે તો મારા ઘરે જ જવું છે ને ઘરમાં જ રહેવું છે.' આ છે એક બાળકની સીધી સાદી વાત પણ ઉંડાણમાં વિચારતા સમજાય કે, 'મારું ઘર એટલે કે નિજધામમાં મારે જવાનું છે. એક ચિત્રકાર ચિત્ર પૂરું થયા પછી એને દૂરથી નિહાળે કે કોઈ રંગની કમી જણાય છે ? એવી જ રીતે જીવનમાં પણ બધી જંજાળથી દૂર થઈને આપણા ખૂદનાં જીવન ચિત્રને નિહાળવાની જરૂર છે. અંતરને ખોળવાનું છે કે કયા રંગની કમી છે. અંતાક્ષરીનાં છેલ્લા શબ્દથી કયુ ગીત ગાઈ શકાય છે એ યાદ કરવાનું છે.

બીજી એક વાત પણ છે : એક દિકરો એના પિતા સાથે ચર્ચમાં જાય છે. પિતા પ્રેયર કરે છે. દિકરો નાનો છે એને કોઈ પ્રાર્થના આવડતી નથી. બાળ-માનસ મનમાં એ,બી,સી,ડી બોલવા લાગે છે. અંતે પિતા એના બાળકને પૂછે છે,'બેટા તે કઈ પ્રેયર કરી?' દિકરાએ જવાબ આપ્યો,'મને બીજું કંઈ યાદ આવતું નતું તેથી મેં તો એ,બી,સી,ડી બોલી લીધી.' અર્થાત આપણે આમ જ કોરા ભાવે શ્રી પ્રભુને કહીએ,'પ્રભુ! મેં તો એ,બી,સી,ડી બોલી લીધી, જે મને આવડે છે પણ શબ્દો તો તમારે જ ગોઠવવાના છે. ગીતો તો તમારે જ યાદ કરાવવાના છે ને ?'

પરંતુ દરેક ચર્ચાને અંતે એક વાત ચોખ્ખી સમજાય છે આ બધી શિક્ષા તેને જ માટે છે જેને પોતાને ઉર્ધ્વગામી જીવન બનાવવું હોય. એ માટે સતત પ્રયત્નો કરવાની માનસિકતા કેળવવી પડે. ત્યારે જ ઈશ્વર કદાચ આપણી જીવન ડાયરીમાં શબ્દોની નોંધણી કરે. સૃષ્ટિ સાથે, ઈશ્વર તત્વ સાથે તાદાત્મય જળવાય તો શ્રી કૃષ્ણ પણ કૃપા વરસાવે. શ્રી કૃષ્ણને 'ઘનશ્યામ' તેથી જ કહે છે. ઘન એટલે વાદળા અને શ્યામ એટલે કે કાળા વાદળા અને કાળા વાદળા જ પૃથ્વી પર વરસી મનનાં મોરલા સાથે અંતાક્ષરી રમે. હાર-જીતની રમત રમે. જીતની બાજી હાથમાં હોય અને બીજી પળ બાજી પલટાવી દે.

|| Jay Jay Shree Gokulesh ||

**Atul Kadakia**
**98193 48001 / 70210 44631**

**Nihar Kadakia**
**98330 36101 / 83692 44852**

**FLAT 18% OFF**

# LYFE MEDICO

## CHEMIST & DRUGGIST

**REACH US FOR**
**BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.**

WE ACCEPT & PAYMENT THROUGH

G Pay

paytm

FREE HOME DELIVERY

**Address :**
**7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086**
**Email : lyfemedico@gmail.com**

આપણા રોજીંદા વ્યવહારમાં પણ આવા અનુભવો થતા રહે છે. અચાનક રસ્તામાં અકસ્માત નડે. કોઈક અકસ્માત જાન લેવા થઈ જાય અથવા તો કાયમી ખોડ સ્થાપિત કરી જાય અને કોઈક વખત તો ગંભીર અકસ્માતમાં પણ માણસ ફક્ત એક મામૂલી ઘસરકા થી બચી જાય. છેલ્લો શબ્દ આનંદની ગીત ગવડાવશે કે રૂદનનું - કોણ જાણી શકે? સતત સતર્ક રહેવા છતાં સમય-મર્યાદા ધાર્યું પૂરૂં ન થવા દે!

પરંતુ વિજ્ઞાન-શાસ્ત્ર તો પ્રત્યેક કાર્યમાં કે રમતમાં કે અચાનક ઘટી જતી ઘટનાઓમાં પ્રમાણને જ સ્વીકારે છે. તો પછી પ્રમાણ જો નિયમ બની જતો હોય તો એ નિયમ તો દરેક પ્રજાતિને સરખો જ લાગુ પડવો જોઈએ. પરંતુ સર્વદા, સર્વત્ર, સર્વેષુ વિજ્ઞાન ન હોઈ શકે! આખી સૃષ્ટિમાં મનુષ્ય જાતિની શારીરિક રચના એક સરખી છે, મનુષ્ય જાતિનાં મગજની રચના પણ એક સરખી જ છે તો પ્રત્યેક જીવનની માનસિક અવસ્થામાં કેમ આટલા ભેદ? કેમ જીવનભર સાથે રહેનારા, એક જ અવસ્થા, એક જ સમસ્યા, એક સરખા સંજોગોમાં બંન્નેની માનસિક અવસ્થામાં ઉદ્‌ભવતા વિચારો ને તરંગોમાં આભ-જમીનનો ફર્ક? બીજું માની લઈએ કે વિજ્ઞાન શારીરિક કે માનસિક ખોડને એક અપવાદ તરીકે સ્વીકારે છે તો શું આ ખોડને કર્મની થીયરી ના આધારે ન તોલી શકાય? આપણા ગ્રંથોમાં વર્ણવેલ શક્તિઓને માયથોલોજી કહીને એનો ઉપહાસ થાય છે તે મહાભારતમાં વર્ણવેલ સંજયની દિવ્ય દ્રષ્ટિ શું આજનું ટેલીવિઝન નથી? રામાયણમાં આકાશ માર્ગેથી ઉતરતા રાવણનું વાહન શું આજના જેટયુગનું હવાઈ જહાજ નથી? એમાં વર્ણવાયેલા યુદ્ધનાં બાણ શું આજના અણુશસ્ત્રો નથી? મહાભારતમાં માતા ગાંધારીને કૂખે સો પૂત્ર અવતર્યા છે કુંતિ પુત્ર કર્ણ સૂર્યદેવથી પ્રાપ્ત થયા એ શું આજનું જેનેટિક સાયન્સ નથી? ટૂંકમાં કહેવાનું એ જ છે કે આજના વૈજ્ઞાનિક પ્રયોગોનો ઉલ્લેખ આપણા શાસ્ત્રોમાં છે જ તો પછી આપણા માનસિક અવસ્થાને જાળવી શકતી આધ્યાત્મિકતાને શા માટે વિજ્ઞાનનું સમર્થન જોઈએ? ઘણા સમય પહેલા કોઈ એક સમાચાર પત્રમાં વાંચ્યું હતું :- રામાયણમાં સંજીવની નો ઉલ્લેખ છે તેની પ્રાપ્તિ કદાચ થઈ શકશે. વિજ્ઞાન શાસ્ત્ર ગમે તેટલી પ્રગતિ કરે પણ બીજી ક્ષણે શું થવાનું છે તે કહી શકશે? એકાએક જ ધરતીકંપ થાય અને લાખો જીવ નાશ પામે અને એ જ પરિસ્થિતિમાં અમૂક જીવ આબાદ જીવીત રહી જાય તો આ શું છે? કોઈ અજબ નિયંત્રણ નથી? વિજ્ઞાનને હિસાબે તો નિયમ બધાને એક સરખો લાગુ પડે પણ આપણે પોતે સાક્ષી છીએ કે કાટમાળ નીચે દબાયેલ બાળક જીવી જાય છે. તો આ કુદરત અને મનુષ્ય વચ્ચેની અંતાક્ષરીની રમત નથી? વર્ષો પહેલા ગુજરાતનાં કચ્છ વિસ્તારમાં ખૂબ જ પ્રકોપી ધરતીકંપ થયો હતો. સમાચાર પત્રમાં ફોટા આવ્યા હતા. એમાંનો એક ફોટો આજે પણ મારા મનોમષ્તિકમાં કોતરાયેલો છે. હવાઈ જહાજમાંથી ખાવાના પેકેટો અટવાયેલા મનુષ્યોને પહોંચાડવાના પ્રયત્નો થતા હતા. એમાં એક ફોટામાં પેકેટ કેચ કરવા લંબાયેલા હાથનાં કાંડાની ઘડિયાળ જોઈને હું ખૂબ રડી હતી. ઘડિયાળ જોઈને એ માણસની શ્રીમંતાઈ આસાનીથી સમજાય એવી હતી. આપવાવાળાને માંગવુ પડે એ સૃષ્ટિની કઈ રમત? છેલ્લો અક્ષર કે છેલ્લો શ્વાસ કે છેલ્લો વિલાપ? આ છેલ્લા શબ્દની વ્યાખ્યા ને પ્રભુ કૃપા સિવાય બીજું શું સમજી શકાય?

મનુષ્ય દ્વારા રમાતી અંતાક્ષરીની રમતમાં છેલ્લો અક્ષર કયા ગીતનો આવશે એ તો છેલ્લી ક્ષણે જ ખબર પડે ને? તો જીવન યાત્રામાં કુદરત સાથે સમય

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

**SENTINEL ELECTRIC CO.**

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

મર્યાદામાં ખેલાતી રમતમાં ખબર પડશે ? છેલ્લી ક્ષણ ક્યારે આવશે ? કેવી રીતે આવશે ? કયો સંદેશ લઈને આવશે ?

એક સરસ વાર્તા વાંચી હતી. એક પ્લેટફોર્મ પર ટ્રેન ઉભી હતી. એક છોકરો ઠંડુ પાણી વેંચતો હતો. એક શેઠ જે ગાડી ઉપડવાની રાહ જોતા હતા તેમણે આ છોકરાને બોલાવી એક ગ્લાસ પાણીનો ભાવ પૂછયો. છોકરાએ કહ્યું, 'પચાસ પૈસા.' શેઠે ભાવ કસ્યો 'પચ્ચીસ પૈસા'માં આપ. છોકરો મલકીને ચાલી નિકળ્યો. બાજુમાં બેઠેલા એક સંત આ બધું જોતા. તરત જ એમણે નીચે ઉતરી દોડીને છોકરાને ઉભા રાખીને પૂછયું કે, 'શેઠે પાણીના ગ્લાસનો ભાવ કર્યો તો તું હસ્યો કેમ ?' નાનો છોકરો કોઈ શાસ્ત્રો ભણેલા નહિ ફક્ત ટ્રેનમાં બેઠેલા અલગ અલગ પ્રકારના માણસોના સ્વભાવને સમજી શક્યો હતો. એ છોકરાઓ સંત ને ખૂબ મર્મવાળો જવાબ આપ્યો. એણે કહ્યું,'મહારાજ! જેને સાચી તરસ લાગી હોય એ કિંમત પૂછતો નથી. એ તો પહેલા પાણી પી લેશે અને પછી જ ભાવ પૂછશે. પહેલાં કિંમત પૂછી એનો અર્થ એ થયો કે એને તરસ લાગી જ નથી.' તરસ સાચી હોવી જોઈએ. શ્રી પ્રભુને શરણે સમર્પિત થઈ જીંદગીની અંતાક્ષરની રમત જીતવા માટેની તડપ હોવી જોઈએ. આપણે બે ડગલા આગળ ચાલશું તો કદાચ શ્રી પ્રભુ પણ છેલ્લો શ્વાસ સાચવી લેશે.

ગંગાસતીનું પાનબાઈને કહેલું એક કથન છે, 'વિજળીને ચમકારે મોતી પરોવી લો' વિજળીનો ચમકારો એટલે કે ચમકારા જેટલું જ ક્ષણિક જીવન મળ્યું છે. એમાં ગુરુ-ગ્રંથ બધું મળ્યું છે તો એનાંથી આતમના મોતી પરોવી લ્યો, કારણ અચાનક અંધારા થશે. અચાનક સમય-મર્યાદા જીવંત પળોને છીનવી લેશે.

M M M




# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERTIFIED CO



BRASS CABLE GLANDS



LUGS AND TOOLS

# જીવન મોટી કૃપા, તેનો સદોપયોગ જોઈએ

**- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

માનવી એટલે ઈચ્છાથી દોડતું પ્રાણી. ભૌતિકતાની એક સીમા હોય છે. એનાથી પ્રાપ્ત થતો આનંદ પણ સીમિત હોય છે પરંતુ સૌથી મોટી વિડંબના એ હોય છે કે સૌથી શ્રેષ્ઠ યોગ્યતા, ભૌતિકતાને જાણવા છતાં ક્યારે ય સંતુષ્ટ થતી નથી. પ્રાપ્તિનો તીવ્ર અસંતોષ માનવીને દોડાવે છે. અને તેથી સંસ્કૃતિમાં 'ત્યાગની ભાવના' નષ્ટ થતી જાય છે. એનો અર્થ એ કે પ્રાપ્તિના આનંદ કરતાં ત્યાગનો આનંદ વિશેષ છે તેની સમજણ ઓછી થતી જાય છે.

જીવન પ્રભુની સૌથી મોટી કૃપા. તેના સદ્‌પયોગ થવો જોઈએ. આધ્યાત્મિક રહસ્યોના કેવળ સંકેતો જ આપવામાં આવે છે. એની સ્પષ્ટતા કરવામાં નથી આવતી. એટલે બુદ્ધત્વની ઓળખ કઈ ? જે વ્યક્તિમાં આપણને ક્રોધ જોવા ન મળે તેમને બુદ્ધપુરુષ ગણવા. રાગ, દ્વેષ, માન, માયા અને લોભના આવરણના કારણે પ્રભુ પરમાત્મા એક યા બીજા સ્વરૂપે વારંવાર આવે છે. પણ ઓળખી શકતા નથી. ઈચ્છા અને માયાના જગતમાં ધર્મનું સાચું અનુસરણ બંધનમાંથી મુક્ત થવાની ચાવી છે. કોઈપણ વસ્તુની પરાકાષ્ટા આવે છે ત્યારે તે સુખને બદલે દુ:ખ બને છે.

આ સંસારમાં સર્વે જીવો પોતાનાં કર્મોથી સુખી અને દુ:ખી છે. દરેકે એકલા ભોગવવાનું હોય છે. તેમાં કોઈ ભાગ પડાવી શકતું નથી. કર્મો કર્તાની પાછળ હોય છે. બીજા કોઈની પાછળ નહી.

સારો અને ખરાબ સમય આવ્યા કરે છે. ધર્મ પ્રત્યે શ્રધ્ધા અને વિશ્વાસ તેમ જ પુરુષાર્થ હોય તો મુસીબતોને પાર કરી શકાય છે. પોતાના માટે જ ઈચ્છતા હો તે બીજાને માટે પણ ઈચ્છો. બીજાને પણ તમારા જેવા જ ગણો અને તેમના સુખ દુ:ખનો વિચાર કરો.

માણસ ત્રણ રીતે જીવે છે કાં તો સત્યના માર્ગે ચાલે છે, કાં તો અસત્યના માર્ગે ચાલે છે. ત્રીજો માર્ગ છે અધ્યસત્યનો. આ સૌથી ભયંકર છે. અનુસરવામાં તેમાં સલામતી લાગે છે. જીવન જ્યારે દંભ અને દેખાવ બને છે તેમાં માણસની કપરી કસોટી છે.

માણસ કેવો દેખાય છે તેના કરતાં કેવો છે તેના પર તેના જીવનનો આધાર છે. અંદરનું અને બહારનું જુદું છે આમા સમય અને સંજોગો મુજબ ચહેરાઓ અને મોહરાઓ બદલાયા કરે છે.

ધર્મ બહારનો દેખાવ નથી. ભિતરનું પરિવર્તન છે. પ્રભુ પાસે બધા ચહેરાઓ ઉતારી દઈએ તો જ તેનું સાનિધ્ય પામી શકીએ. જીવન એ પ્રભુની સૌથી મોટી કૃપા છે. માણસે સંસારમાં રહેવા છતાં સંસારમાંથી મુક્ત બનવાનું છે. હું કેવળ શરીર નહી પણ આત્મા છું એવું ભાન થાય ત્યારે મોહ અને આશક્તિ રહેતા નથી.

કાળ એટલે સમય તે કોઈની રાહ જોતો નથી. તમે તમારા ભાગ્ય વિધાતા છો. સુખ, દુ:ખ, સારું, નરસું, સફળતા, નિષ્ફળતા બધું આપણા હાથમાં છે.



# ભારતના રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિ ની ભૂમિકા શું છે ?

- તંત્રી મંડળ તરફથી

આપણાં ભારત દેશનું બંધારણ બનાવવાના સમયે ડૉ. આંબેડકરએ પ્રસ્તાવ રાખ્યો કે, બંધારણની શરૂઆત, `We The People Of India.....' આ વાક્યથી કરવી જોઈએ. અને અંદાજીત ૬૫% વોટ આ પ્રસ્તાવની તરફેણમાં પડયા અને સહમત થયા. બંધારણ એ કોઈપણ દેશની આત્મા છે એ કહેવામાં કોઈપણ જાતનો સંકોચ નથી.

ભારતના બંધારણમાં જણાવ્યાં મુજબ રાષ્ટ્રપતિ એ દેશના બંધારણીય વડા છે. રાષ્ટ્રપતિ એ ભારતીય દેશનો પ્રમુખ છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૫૨ માં જણાવ્યાં મુજબ રાષ્ટ્રપતિપદની જોગવાઈ કરવામાં આવી છે. જે અનુસાર ભારતમાં એક રાષ્ટ્રપતિ રહેશે. રાષ્ટ્રપતિ એ ભારતનો પ્રથમ નાગરિક કહેવાશે. લોકસભા અને રાજ્યસભાની સાથે રાષ્ટ્રપતિ પણ સંસદનું અભિન્ન અંગ કહેવાશે.

ભારતના રાષ્ટ્રપતિ બનવા માટે તે ભારતનો નાગરિક હોવો જોઈએ. ઓછામાં ઓછી ઉંમર ૩૫ વર્ષની હોવી જોઈએ. લોકસભામાં ચૂંટાવા માટેની યોગ્યતાઓ ધરાવતો હોવો જોઈએ. કેન્દ્ર કે રાજ્ય સરકારમાં કોઈપણ લાભનું પદ ધરાવતો ન હોવો જોઈએ.

રાષ્ટ્રપતિની ચૂંટણી અને ચૂંટણી પ્રક્રિયા અનુચ્છેદ ૫૪ માં જણાવ્યાં મુજબ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સંસદ (લોકસભા અને રાજ્યસભા) નાં બંને ગૃહોના ચૂંટાયેલા સભ્યો (રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂંક પામેલા લોકસભાના ૨ એંગ્લો ઈન્ડિયન તથા રાજ્યસભાના ૧૨ સભ્યો ભાગ લઈ શકતા નથી), રાજ્યોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો (રાજ્યપાલ દ્વારા નિમણૂંક પામેલ ૧ એંગ્લો ઈન્ડિયન સભ્ય ભાગ લઈ શકતો નથી), આ ચુંટણીમાં કેન્દ્ર શાસિત પ્રદેશો દિલ્હી અને પુંડુચેરીની વિધાનસભાઓના ચૂંટાયેલ સભ્યો ભાગ લઈ શકે છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી ગુપ્ત મતદાન દ્વારા કરવામાં આવે છે. રાષ્ટ્રપતિને હોદ્દાની શપથ ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ લેવડાવે છે. જો સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ ગેરહાજર હોય તો સર્વોચ્ચ ન્યાયાલયના વરિષ્ઠ ન્યાયાધીશ શપથ લેવડાવે છે.

રાષ્ટ્રપતિને ૨૦૧૮ થી પગાર તરીકે પ્રતિ માસ રૂપિયા પાંચ લાખ આપવામાં આવે છે.

રાષ્ટ્રપતિનો કાર્યકાળ ૫ વર્ષનો છે, જ્યાં સુધી અન્ય કોઈ વ્યક્તિ કાર્યભાર ન સંભાળે તો ૫ વર્ષ પછી પણ તે પદ પર ચાલુ રહી શકે છે.

રાષ્ટ્રપતિ પોતાનું રાજીનામું ઉપરાષ્ટ્રપતિને સોંપે છે. રાષ્ટ્રપતિના રાજીનામા કે મૃત્યુની પરિસ્થિતિમાં ઉપરાષ્ટ્રપતિ કાર્યવાહક રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરે છે. તથા શક્ય તેટલી ઝડપથી વધુમાં વધુ ૬ મહિનામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજવામાં આવે છે.

રાષ્ટ્રપતિ જો બંધારણનું ઉલ્લઘન કરે તો તેમને તેમના હોદ્દા પરથી હટાવવા તેમની વિરુદ્ધ સંસદમાં મહાભિયોગ (મહાઆરોપ) પ્રક્રિયા ચલાવવામાં આવે છે. રાષ્ટ્રપતિ વિરુદ્ધ મહાભિયોગ એ સંસદ દ્વારા ચલાવવામાં આવતી એક અર્ધન્યાયિક પ્રક્રિયા છે. મહાભિયોગની પ્રક્રિયા સંસદનાં બંનેમાંથી કોઈપણ ગૃહમાં શરૂ કરી શકાય છે. જે ગૃહમાં મહાભિયોગ પ્રક્રિયા શરૂ કરવી હોય ત્યાં ગૃહની કુલ સંખ્યાના ૧/૪ સભ્યોના

હસ્તાક્ષરવાળું આવેદન ગૃહના અધ્યક્ષ કે સભાપતિને આપવામાં આવે છે. ત્યારબાદ રાષ્ટ્રપતિને ૧૪ દિવસની નોટિસ પાઠવવામાં આવે છે. આ દરમિયાન રાષ્ટ્રપતિ બંને ગૃહમાં આવીને પોતાની રજૂઆત કરી શકે છે. જો મહાભિયોગનો પ્રસ્તાવ સંસદનાં બંને ગૃહમાંથી ૨/૩ બહુમતીથી પસાર થાય તો તે તારીખથી રાષ્ટ્રપતિએ પોતાનું પદ છોડવું પડે છે.

રાષ્ટ્રપતિ દ્વારા વડાપ્રધાન, મંત્રી, પરિષદ, ઍટર્ની જનરલ, મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરો સંઘલોક સેવા આયોગ (UPSC) ના ચેરમેન અને સભ્યો, રાજ્યપાલ, ભારતના કન્ટ્રોલર અને ઑડિટર જનરલ, નાણાપંચના અધ્યક્ષ અને સભ્યો, રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ અને તેના સભ્યોની નિમણૂંક કરી શકે છે. કેન્દ્રો અને રાજ્યો વચ્ચે સહયોગ વધારવા માટે અનુચ્છેદ ૨૬૩ માં જણાવ્યાં મુજબ આંતરરાજ્ય સમિતિની રચના કરે છે. જે કેન્દ્રશાસિત પ્રદેશોનું શાસન સંભાળે છે. તે કોઈપણ ક્ષેત્રને અનુસચિત ક્ષેત્રે જાહેર કરી શકે છે.

રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓમાં સંસદની બેઠક બોલાવવાની, લોકસભાનું વિસર્જન કરવાની સત્તા, બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવવાની સત્તા, સંસદનાં બંને ગૃહોને સંબોધન કરવાની તથા સંદેશો મોકલવાની સત્તા, ચૂંટણી પછી લોકસભાની પ્રથમ બેઠકનું સંબોધન અને પ્રત્યેક નવા વર્ષની સંસદની પ્રથમ બેઠકને ખાસ સંબોધન કરવાની સત્તા, રાજ્યસભામાં સાહિત્ય, વિજ્ઞાન, કલા અને સમાજસેવાથી જોડાયેલા ૧૨ સભ્યોની નિમણુંક કરવાની સત્તા. રાજ્યોના સીમા પરિવર્તન સંબંધી ખરડા રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીથી જ ગૃહમાં રજૂ થાય છે.

અનુચ્છેદ ૧૨૩ માં જણાવ્યાં મુજબ જ્યારે સંસદના ગૃહની બેઠક મળી ન હોય ત્યારે રાષ્ટ્રપતિને વટહુકમ બહાર પાડવાની સત્તા છે. આ વટહુકમ પછીના છ મહિનાની અંદર મળેલી સંસદની બેઠકની તારીખથી ૪૨ દિવસ (૬ અઠવાડિયામાં) મંજૂર થવો જરૂરી છે. જ્યારે સંસદનો માત્ર એક ગૃહ પણ સત્રમાં હોય તો પણ વટહુકમ બહાર પાડી શકાય છે. રાષ્ટ્રપતિ વડાપ્રધાન અને મંત્રીમંડળની સલાહથી જ વટહુકમ બહાર પાડે છે. રાષ્ટ્રપતિ કોઈપણ સમયે વટહુકમ પાછો ખેંચી શકે છે.

લોકસભામાં અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ બંને હોદ્દા ખાલી હોય ત્યારે અને રાજ્યસભામાં સભાપતિ અને ઉપસભાપતિ એમ બંને હોદ્દા ખાલી હોય ત્યારે રાષ્ટ્રપતિને કોઈપણ સભ્યને લોકસભામાં અધ્યક્ષ અને રાજ્યસભામાં સભાપતિ નીમવાની સત્તા છે.

રાષ્ટ્રપતિ ભારતની આકસ્મિક નિધિના સંરક્ષક છે. રાષ્ટ્રપતિની મંજૂરી સિવાય આકસ્મિક નિધિમાં નાણાં ઉપાડી શકાતાં નથી. લોકસભામાં નાણાં ખરડો રાષ્ટ્રપતિની મંજૂરી વગર રજૂ કરી શકાતો નથી. રાષ્ટ્રપતિ દરેક નાણાકિય વર્ષની શરૂઆતમાં સંસદમાં વાર્ષિક નાણાકીય પત્રક (બજેટ) રજૂ કરાવે છે. રાષ્ટ્રપતિની ભલામણ વિના કોઈપણ પ્રકારના અનુદાન (Grant) ની માંગણી થઈ શકતી નથી. રાષ્ટ્રપતિ નાણાપંચની નિમણૂંક કરે છે. જે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે કરની વહેંચણી કરે છે. રાષ્ટ્રપતિ નાણાપંચના અહેવાલને સંસદમાં રજુ કરાવે છે. રાષ્ટ્રપતિ CAG ના રિપોર્ટને સંસદમાં રજૂ કરાવે છે. ભારતની સંચિત નિધિમાંથી ખર્ચ કરવા માટેનો કોઈપણ ખરડો (વિધેયક) માત્ર રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીથી જ રજૂ થઈ શકે છે.

રાષ્ટ્રપતિ ભારતનાં તમામ ઉચ્ચ ન્યાયાલયોના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશોની નિમણુંક કરે છે. રાષ્ટ્રપતિ જાહેર મહત્વના કાયદા અંગેની બાબત પ્રશ્ન અંગે સર્વોચ્ચ ન્યાયાલયની સલાહ માગેં છે (જે સર્વોચ્ચ ન્યાયાલય આપવા બંધાયેલ નથી.) જો સર્વોચ્ચ ન્યાયાલય રાષ્ટ્રપતિને સલાહ આપે તો તે સલાહ રાષ્ટ્રપતિ માનવા બંધાયેલ નથી. રાષ્ટ્રપતિને સજામાં માફી આપવાની સત્તા, રાષ્ટ્રપતિને સૈન્ય સત્તાઓમાં ત્રણેય સેનાઓની સર્વોચ્ચ શક્તિ રાષ્ટ્રપતિમાં સમાયેલી છે. જેનો ઉપયોગ માત્ર સંસદ દ્વારા ઘડેલા કાયદા અનુસાર થઈ શકે છે, અર્થાત ત્રણેય સેનાઓમાં નોકરી અંગેની સેવા - શરતો વગેરે અંગેના કાયદા ઘડવાની સત્તા સંસદને છે. રાષ્ટ્રપતિ ત્રણેય સેનાના બંધારણીય વડા છે તથા સર્વોચ્ચ સેનાપતિ છે. રાષ્ટ્રપતિ ત્રણેય સેનાના અધ્યક્ષોની નિમણૂંક કરે છે. કોઈપણ દેશ સામે યુદ્ધની જાહેરાત અથવા યુદ્ધવિરામ જાહેર કરવાની સત્તા રાષ્ટ્રપતિની છે, પણ તે જાહેરાત કેન્દ્રીય મંત્રી પરિષદની મંજૂરીથી જ કરી શકે છે.

રાષ્ટ્રપતિની વિટો સત્તા (Suspension Veto) આ વિટો શક્તિ અંતર્ગત રાષ્ટ્રપતિ વિધેયકોને સંસદમાં પુનઃ વિચારણા માટે મોકલી આપે છે, પરંતુ સંસદ દ્વારા જો તે વિધેયક કોઈપણ પ્રકારના સુધાવા વગર પુનઃપસાર થાય તો રાષ્ટ્રપતિ તેને મંજૂરી આપવા બંધાયેલો છે. આ વિટોનો વિચાર ફ્રાન્સ પાસેથી લેવામાં આવ્યો છે. પૉકેટ વિટો (Pocket Vito) અંતર્ગત રાષ્ટ્રપતિ કોઈપણ વિધેયકને અનિશ્ચિતકાળ સુધી રોકી રાખે છે અર્થાત ના તો મંજૂરી આપે છે ના તો તેને નકારી કાઢે છે ના તો તે વિધેયકનું પુનઃ વિચારણા માટે મોકલે છે. આ વિટોના વિચાર અમેરિકામાંથી લેવાયો છે. આત્યંતિક વિટો (Absolute Vito) આ વિટોમાં શક્તિ મુજબ રાષ્ટ્રપતિ વિધેયકને મંજુરી આપવાનો ઈન્કાર કરે છે. આ વિટોનો વિચાર બ્રિટન પાસેથી લેવામાં આવ્યો છે.

**ભારતના ઉપરાષ્ટ્રપતિ અને તેમની કામગીરી**

ભારતના ઉપરાષ્ટ્રપતિ ભારનતા રાષ્ટ્રપતિ પછીનું બીજું મોટું સ્થાન છે. ઉપરાષ્ટ્રપતિ સંસદના બંન્ને ગૃહોના સભ્યો દ્વારા ચૂંટાય છે. રાષ્ટ્રપતિનું પદ ખાલી પડયું હોય તેવા સંજોગોમાં, જેમકે મૃત્યુ, રાજીનામું વિગેરે જેવી પરિસ્થિતીઓમાં તેઓ રાષ્ટ્રપતિ તરીકેની કામગીરી કરે છે. ઉપરાષ્ટ્રપતિનું સામાન્ય કામ રાજ્ય સભાના અધ્યક્ષ તરીકેનું છે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંસદનાં બંને ગૃહોના સભ્યોનું બનેલું મતદાર મંડળ પ્રમાણસર પ્રતિનિધિત્વ અનુસાર કરે છે. ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા માટે, તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ. ૩૫ વર્ષથી વધારે વયની હોવી જોઈએ તથા રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાવાની લાયકાત ધરાવતી હોવી જોઈએ.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પાંચ વર્ષની મુદ્દત માટે કરવામાં આવે છે. આ ચૂંટણીમાંથી ઊભી થતી અથવા તે સંબંધી બધી શંકાઓ અને વિવાદોની તપાસ તથા તેનો નિર્ણય કરવાની સત્તા સુપ્રીમ કોર્ટને આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી ગણાય છે.

ભારત સરકાર કે કોઈ રાજ્ય સરકાર હેઠળ અથવા સદરહુ સરકારોના નિયંત્રણને આધીન કોઈ સ્થાનિક કે બીજા સત્તાધિકારી હેઠળ કોઈ લાભદાયક હોદ્દો ધરાવતી વ્યક્તિ ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવાને લાયક ગણાતી નથી. ઉપરાષ્ટ્રપતિ સંસદના કોઈ ગૃહના કે કોઈ રાજ્યના વિદ્યાનમંડળના સભ્ય હોવા જોઈએ નહિ. જો તે આવા કોઈ ગૃહના સભ્ય હોય, તો તે ઉપરાષ્ટ્રપતિ તરીકે

હોદ્દો સંભાળે, તે તારીખથી તેમણે તે ગૃહમાંથી પોતાની બેઠક ખાલી કરી છે એમ ગણાય છે.

રાષ્ટ્રપતિના મૃત્યુથી, રાજીનામાથી કે હોદ્દા પરથી દૂર કરાવાના અથવા બીજા કોઈ કારણે રાષ્ટ્રપતિના હોદ્દાની જગ્યા ખાલી પડે ત્યારે ચૂંટાયેલા નવા રાષ્ટ્રપતિ પોતાનો હોદ્દો સંભાળે ત્યાં સુધી ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરે છે. ગેરહાજરી, માંદગી કે એવા બીજા કોઈ કારણસર રાષ્ટ્રપતિ પોતાનાં કાર્યો કરી શકે એમ ન હોય ત્યારે તેઓ પોતાની ફરજો ફરીથી ન સંભાળે ત્યાં સુધી ઉપરાષ્ટ્રુતિ તેમનાં કાર્યો કરે છે. ઉપર જણાવ્યા પ્રમાણે ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરતા હોય કે તે હોદ્દાની ફરજો બજાવતા હોય ત્યારે તેમને રાષ્ટ્રપતિની વિશિષ્ટ સત્તાઓ અને હક મળે છે. સંસદ કાયદાથી નક્કી કરે તે મુજબનો પગાર, ભથ્થાં અને વિશેષાધિકારો પ્રાપ્ત થાય છે.

ઉપરાષ્ટ્રપતિ તેમના હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે. તેમને રાજ્યસભાના સભાપતિ કરીકે પગાર અને ભથ્થાં મળે છે. ઉપરાષ્ટ્રપતિ તરીકે તેમને પગાર મળતો નથી. રાષ્ટ્રપતિ તરીકેકાર્ય કરતા હોય કે તે હોદ્દાની ફરજો બજાવતા હોય ત્યારે ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના સભાપતિના હોદ્દાની ફરજો બજાવી શકે નહિ અને તે હોદ્દા માટેનાં પગર ને ભથ્થાં મેળવી શકે નહિ.


**શું ભારત દેશને ખરેખર રાષ્ટ્રપતિની જરૂરી છે ?**

તટસ્થ રીતે જુઓ તો જરૂરત નથી. આઝાદી પછી ગાંધીજીએ રાષ્ટ્રપતિ ભવનને ગરીબ માણસો માટેની હોસ્પિટલમાં ફેરવી નાખવાની ભલામણ કરી હતી, પણ સત્તાનો નશો અને અહંકરામાં ડુબેલા તે વખતના કોંગ્રેસી નેતાઓ ભૂલી ગયા કે આ જ નેતાઓ અંગ્રેજ દબદબાની ટીકા કરતા હતા. ગોરાઓ ગયા અને બ્રાઉન અંગ્રેજોએ એ જ પદ્ધતિ અપનાવી....

MMM


With Best Compliments from :

**Dr. Aashish Mody**
M.S., D.N.B., M.N.A.M.S., F.C.P.S.D.N.B.



**Dr. Rajat Mody**
M.S.

# AASHISH NURSING HOME AND LAPAROSCOPIC SURGERY CENTRE

B/106, Shroff Apt., Sodawala Lane, Borivali (West), Mumbai - 400092
& Hospital : 28904405 | Mobile : 9821392920

# હિંડોળા ખાટ શ્રાવણ ઉત્સવો આધારિત જોડી જોડો

| અ | | બ | |
|---|---|---|---|
| ૧) | હળાહળ 'વિષ' શંકરે પીધું ત્યારથી તેઓ આ નામે ઓળખાય છે. | ક) | અર્જુન |
| ૨) | ઝેર રહિત થયેલા ચિત્તમાં જ પરમાત્માનું પ્રાગટયકરણ થઈ શકે. | ખ) | શીતળા સાતમ |
| ૩) | જૈન બંધુઓનો તહેવાર | ગ) | મહાવીર |
| ૪) | શંકર જલ્દીથી રિઝાઈને પ્રસન્ન થનારા છે તેથી તેઓ આ નામે ઓળખાય છે. | ઘ) | અક્રુર |
| ૫) | આ તહેવારમાં સ્ત્રીઓ ચૂલો જલાવતી નથી. | ચ) | નિલકંઠ |
| ૬) | કંસે, શ્રીકૃષ્ણ-બલરામને મથુરા લાવવા જેને મોકલ્યા હતા. | છ) | નાગપાંચમ |
| ૭) | જ્યારે જ્યારે ધર્મનો નાશ થશે ત્યારે હું જન્મ ધારણ કરીશ શ્રી કૃષ્ણએ યુધ્ધ ભૂમિમાં આને ઉપદેશ આપ્યો. | જ) | ભગવાન જગદીશ, બલરામ અને બહેન સુભદ્રા |
| ૮) | અષાઢી બીજના દિવસે રથયાત્રા નીકળે છે. | ઝ) | પર્યુષણ |
| ૯) | જૈનધર્મ મુજબ આ કાળમાં પૃથ્વી પરનો વિષમકાળ સમાપ્ત થાય છે | ટ) | સંવત્સરી |
| ૧૦) | ૨૫મા તીર્થંકર | ઠ) | આશુતોષ |

જવાબ : ૧-ચ, ૨-છ, ૩-ઝ, ૪-ઠ, ૫-ખ, ૬-ઘ, ૭-ક, ૮-જ, ૯-ટ, ૧૦-ગ


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.

મો. – ૯૫૯૪૩૨૬૨૦૨

## Dr. Rita Gandhi

Holistic Wings

**- Mind Body & Soul**

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***

- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***

**Mobile No. : +91 9987390705**

**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ પ્રેરીત

# શ્રી બાલાસિનોર યાત્રા પ્રવાસ સંઘ

શ્રી વાડાસિનોર જ્ઞાતિના તેમજ સર્વે વૈષ્ણવો જોગ, સર્વેને જય જય શ્રી ગોકુલેશ

## સૌરાષ્ટ્ર યાત્રા પ્રવાસ

સહર્ષ જણાવવાનું કે ઉપરોક્ત સંઘના નેજા હેઠળ સૌરાષ્ટ્રની યાત્રાનું આયોજન હાથ ધરાયું છે. વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરી મહિનાની ૧૫ તારીખ થી ૩૧ તારીખ દરમ્યાન યાત્રા નો સમય રહેશે.

આ યાત્રા કુલ ૧૦ થી ૧૨ દિવસની રહેશે. યાત્રાની સંપૂર્ણ વિગતો હાલમાં નક્કી થઈ રહેલ છે.

અંદાજે પ્રવાસી દીઠ યાત્રા ખર્ચ રૂા. ૩૦,૦૦૦/- થી ૩૬,૦૦૦/- ની આસપાસ છે.

પ્રવાસ મુંબઈથી શરૂ થઈને મુંબઈમાં સમાપ્ત થશે. પ્રવાસ દરમ્યાન બેઠકોમાં ઝારી ભરવાની વ્યવસ્થા શક્ય હશે તો કરવામાં આવશે. યાત્રા ૩/૨ ટીયર એ.સી. ટ્રેન દ્વારા પ્રવાસ (૨ ટીયર એ.સી. ટ્રેનમાં પ્રવાસ કરવા ઈચ્છા યાત્રીઓએ એક ટિકિટનાં વધારાનો ચાર્જ ભરવાનો રહેશે. સુપર ડીલીક્ષ એ.સી. રૂમની વ્યવસ્થા (કપલ દીઠ), શક્યતા પ્રમાણે એ.સી. બસ અન્યથા નોન એ.સી. બસ (૨X૨) દ્વારા પ્રવાસ, સવારના બેડ ટી થી લઈને રાતના મસાલા મિલ્ક, બન્ને સમયનું સ્વાદિષ્ટ ભોજન, સવારનો ગરમ નાસ્તો.

**નોંધ :** સિનિયર સીટીઝન મહિલાઓ ઉંમર વર્ષ ૫૮ તથા પુરુષો વર્ષ ૬૦ ને રેલ્વે પ્રવાસના દરોમાં રાહત પછીથી કાપી આપવામાં આવશે.

યાત્રામાં કુલ ૪૦ કપલ એટલે કે ૮૦ વ્યક્તિઓ **વહેલો તે પહેલો** ના ધોરણે લેવામાં આવશે. ત્યારબાદ નોંધાયેલ યાત્રી વેઈટ લિસ્ટમાં રહેશે. તા. ૧-૯-૨૦૨૨ થી રોજ નીચેના સ્થળે થી યાત્રા માટેના ફોર્મ આપવામાં આવશે.

**બાલાસિનોર પ્રગતિ સમાજ : બાબુગેનુ રોડ, કાલબાદેવી, કિર્તીભાઈ કડકીઆ - સાંજે ૩ થી ૫**

સંપૂર્ણ વિગતો ભરેલા ફોર્મ તા. ૮-૯-૨૦૨૨ના રોજ પ્રવાસી દીઠ રૂા. ૧,૦૦૦/- સાથે સમય ૨ થી ૫ દરમ્યાન નીચેના સ્થળે સ્વીકારવામાં આવશે. બાકી રકમ ભરવા માટે આપનો સંપર્ક સાધવામાં આવશે.

**બાલાસિનોર પ્રગતિ સમાજ : બાબુગેનુ રોડ, કાલબાદેવી. સમાજના હોદ્દેદારો દ્વારા સાંજે ૩ થી ૫.**

**વધુ વિગતો માટે નીચે જણાવેલ નંબર પર સંપર્ક સાધવા વિનંતી.**

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા - ૯૮૨૦૧૩૫૦૧૪ (ફક્ત વોટ્સઅપ કોલ)**

*** ખાસ નોંધ : બુકિંગ સમયે ભરેલ રકમ કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ

મંડળની ૯૮મી વાર્ષિક સામાન્ય સભા ૧૮ મી સપ્ટેમ્બર ૨૦૨૨ રવિવારના રોજે સવારે ૯.૦૦ કલાકે રમા વાટુમલ ઓડિટોરિયમ, કે.સી. કોલેજ, ચર્ચગેટ, મુંબઈ ખાતે આયોજીત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબહેન પ્રદિપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત Talent Appreciation Scheme ના ઉપક્રમે વાડિસિનોર વણિક જ્ઞાતિના શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

### વાડસોલ કર્મવીર

મંડળની અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શકની ભુમિકા ભજવનાર દાતાશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) ને પ્રેરક સ્મૃતિરૂપે વાડસોલ કર્મવીર પદક આપવામાં આવશે.

જે અન્વયે આ વર્ષે આપણા સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલીન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા શ્રી પ્રવીણચંદ્ર કોદરલાલ શાહની સેવાઓને 'વાડસોલ કર્મવીર' સન્માનથી ગૌરવાન્વિત કરાશે.

**કારોબારી સમિતિ વતી**

**જસ્મીન બી. શેઠ, ધર્મેશ જ. શાહ**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ
## બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર વાડાસિનોર દશાનીમા વણિક સમાજના નામી અનામી તારલાઓને જાહેર નિમંત્રણ આપની ઉપલબ્ધિઓથી અમને વાકેફ કરો, આપની ઉપલબ્ધિઓને

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર)**

**પુરસ્કૃત**

**TALENT APPRECIATION SCHEME**

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગૌરવ કરવાની અમને તક આપો. આપની ઉપલબ્ધિઓ, આપના કુટુંબીજનો માટે તો ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજનો અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.

અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાચક, પોતાના સંબંધીઓના વર્તુળમાં આવાં કોઈપણ તારલા હોય તો એ વિષે અમને જાણ કરે અથવા તો તેઓને અમારાં સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.

વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમનાં સંતાનોની ઉપલબ્ધિઓ પણ સન્માનને પાત્ર છે.

**સંયોજક – ચેતન મોદી**

**માનદ્ મંત્રીઓ : શ્રી જસ્મીન બી. શેઠ – ૯૮૨૦૮૩૦૦૬૦, શ્રી ધર્મેશ જ. શાહ – ૯૮૨૦૩૪૧૩૭૧**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે જુન ૨૦૨૨ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફીજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૫૬૧૫ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૩૬૦ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૮૨૮ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૬ માઈનોર ૦૬, ગાયનેકના મેજર ઓપરેશન ૨૯ પૈકી કુટુંબ કલ્યાણના ૦૧ તથા માઈનોર ૦૫ તથા ઈએનટી માઈનોર ૪૦ તેમજ આંખના મેજર ૧૨૪ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૬૯૮૫૮૮/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૫૫૮૨૫/- ની માફી તેમજ ઓપીડીમાં (લેબ, એક્સરે, ઓક્સીજન વિગેરે) માં રૂા. ૭૦૪૮૫/- ની માફી કરવામાં આવેલ છે.

## હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**૧. કુસુમબેન કીર્તનલાલ પારેખ છારી કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૭-૬-૨૦૨૨ના રોજ ૩૯ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**૨. મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરસી) ઈકો કેમ્પ :** તા. ૯-૬-૨૦૨૨ના રોજ ૫૦ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર**માં માહે જુન ૨૦૨૨ માસ દરમ્યાન, ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, નેફ્રોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૯૫૭ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૩૦૪ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૮૧૫ દર્દીઓએ તેમજ સીટી સ્કેન વિભાગમાં ૭૫ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ લેબમાં રૂા. ૩૧૫૦/- ની માફી તથા રૂા. ૨૧૫૦૧/- ની દવા માફી એક્સ રે રૂા. ૨૦૦/-, એકસ રે રીપોર્ટીંગ રૂા. ૫૦/- તેમજ ઈન્ડરોમાં રૂા. ૨૦૮૦૦/- ની માફી મળીને કુલ રૂા. ૪૫૯૦૧/- ની માફી કરવામાં આવેલ છે. આ કુલ માફી પૈકી ઈન્ડોર માફી રૂા. ૧૯૯૦/- (૪ દર્દી) દશાનીમાં સિવાયની અન્ય દર્દીઓની માફી કરવામાં આવેલ છે તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની મા યોજના હેઠળ ૨૦૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

## ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં વધુ નોંધાયેલ દાન.

**૧. પ્રતિકકુમાર કિરીટકુમાર કડકીઆ - રૂા. ૧૧૦૦૧/-**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી.ના નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ માહે જાન્યુઆરી ૨૦૨૧ થી ચાલુ થઈ ગયેલ છે.

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

**કે.એમ.જી. જનરલ હોસ્પટિલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.**

**શ્રી નિતીન પરીખ / શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

## અમેરિકાના પેન્સનવેલીયામાં આશ્કા સેવકનું ભરતનાટયમ આરંગેત્રમ



અમેરિકાના એલેનટાઉન પાસે બોથલોહેમના બેકર હોલમાં બાલાસિનોરના મિતેશ સેવકની પુત્રી આશ્કા સેવકનો ભરતનાટયમનો શાનદાર કાર્યક્રમ યોજાયો હતો.

અમેરિકાના પેન્સનવેલીયામાં બેથલેહેમના ઝોનલર આર્ટ સેન્ટરના બેકર હોલમાં બાલાસિનોર મિતેષ પ્રવિણભાઈ સેવકની પુત્રી આશ્કા સેવકનો ભરતનાટયમના આરંગેત્રમનો કાર્યક્રમ ગુરુ ફિરોઝી દેસાઈના માર્ગદર્શનમાં થયો હતો. આશ્કા સેવકની સતત ૧૧ વર્ષની મહેનત બાદ સતત સવા બે કલાક ચાલેલા આ કાર્યક્રમમાં જુદા જુદા ૧૧ નૃત્યો આશ્કા સેવકે ભાવપૂર્ણ રજુ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ભારતીય સંસ્કૃતિનો અપ્રતિમ સાંસ્કૃતિક વારસો ભારત નાટયમને અમેરિકામાં રજૂ કરી ભારતીય સંસ્કૃતિને વિદેશમાં પણ જીવંત રાખવા અને ખૂબ જ કલાત્મક રીતે અદ્‌ભૂત આરંગેત્રમ કરી આશ્કા સેવકે ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે.

### ગત અંકમાં સુધારો

પાના નંબર -૪ માં આપેલ કમિટી વર્ષ ૨૦૨૨-૨૦૨૭ના સભ્યના નામમાં **શ્રી સમીર ધારીઆ મોબાઈલ નંબર - ૯૮૭૦૭૧૬૮૫૨** સુધારીને વાંચવું.

### પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

D **કુનાલ પંકજ પરીખ**
**પંકજ શાંતીલાલ પરીખ (જુનાગઢવાળા)**
૬૦૧, ધનલક્ષ્મી રેસીડન્સી, ઈર્લા, અંબા માતા ચોક પાસે, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૬
**પંકજ પરીખ - ૯૮૨૦૧૭૨૦૯૧**
**કુનાલ પરીખ - ૯૮૨૦૮૦૫૮૦૬**

D **મીતેન પંકજ પરીખ**
ઓમ જોષી એપાર્ટમેન્ટ, સી વીંગ, પહેલે માળે, ફ્લેટ નંબર-૬, લલ્લુભાઈ પાર્ક રોડ, અંધેરી (વે.), મુંબઈ - ૪૦૦૦૫૮. **મો : ૯૮૨૦૧૭૯૨૦૦**

D **કિરણ નવટવરલાલ દેસાઈ**
**રિકીન કિરણ નટવરલાલ દેસાઈ**
ફ્લેટ નંબર ૧, ગ્રાઉન્ડ ફ્લોર, ઉલ્હાસ કો.ઓ.હા. સોસાયટી, પ્લોટ નંબર ૧૪૨, ડૉ. એમ.બીજ. રાઉત રોડ, શિવાજી પાર્ક, દાદર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૮

D **દિનકરલાલ ગાંધી - સલિલ દિનકરલાલ ગાંધી**
૧૮૦૧, A વિંગ, ૧૮ મે માળે, લોટસ એન્પાર રેસીડન્સી, શંકરરાવ નરણ્ પંથ, હનુમાન લેન, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩

### તેજસ્વી તારલા

**કુ. મિતિ અનિષ શાહ (ઝાટ)** MBBS. ની પરિક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

**કુ. સેહલ અનિષ શાહ (ઝાટ)** માસ્ટર ઓફ સર્જરી (ઓબ્સ્ટેટ્રિકસ એન્ડ ગયનેકોલોજી) માં A Grade સાથે ઉત્તીર્ણ થયા છે.

સંસ્થા વતી તેઓને અભિનંદન.

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| D રમેશ નટવરલાલ દેસાઈ (નગર) | ૮૦ |
| D બેલા પંકજ કડકીઆ (મરઘા) | ૬૨ |
| D કિરણ નટવરલાલ દેસાઈ | ૭૫ |
| D ગોપાલદાસ ચીમનલાલ કડકીઆ (ઓટલાવાળા) | ૮૦ |
| D રાજેશ બાબુલાલ ધારિયા | ૬૫ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

## WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH

RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty, Mumbai - 400 007. Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES®

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.